# બનાસકાંઠાના ધાનેરા તાલુકાના માલોતરા ગામે આધેડ હત્યા કેસનો આરોપી ઝડપાયો

ડીસા, તા. ૨૫

બનાસકાંઠા ના ધાનેરા તાલુકા ના માલોતરા ગામે યુવકને જાનથી મારી ડીઝલ છાંટી સળગાવી હત્યા પુરાવાનો નાશ (આઈ.પી.સી.કલમ -૨૦૧ )ગુનો નોધી તપાસ હાથ ધરી હતી અને પોલીસ ને માલોતરા ગામનાજ તાલાશાભાઈ પટેલ પર શા માટે ઘડાયું હતું તેની પર થી પોલીસે પડદો ચકી આરોપી ની ધરપકડ કરેલ; છે આ કામ નો આરોપી એવો તલશાભાઈ પટેલ જે



કરનાર આરોપી ઝડપાયો છે પોલીસે તેને નામદાર કોર્ટ માં રજુ કરી રિમાન્ડ મેળવવા ની તજવીજ હાથ ધરેલ છે

આ સનસનીખેજ હત્યા કેશ ની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠા ના ધાનેરા તાલુકા ના માલોતરા ગામની સીમ માં આવેલ રેલ નદી માંથી યુવકની બળેલી હાલત માં લાશ મળી આવી હતી આ બાબતે ધાનેરા પોલીસે હત્યા (આઈ.પી.સી.કલમ -૩૦૨ ), અને શંકા જતા તેની કડક પૂછ પરછ કરતા યુવકે કબુલ્યું હતું કે તેને જ હત્યા કરી લાશ ને ડીઝલ છાંટી સળગાવી હતી,આ સસ્પેન્ડ મર્ડર કરવા પાછળ નો મૂળભૂત ઉદ્દેશ શોધવા માં ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર જે,ડી,સુતરીયા સફળ રહ્યા હતા. અને આરોપી ને ઝડપી પાડી ગુના માં વપરાયેલ મુદ્દામાલ પણ ઝડપ્યો હતો,

જોકે આ રહસ્યમય હત્યા નું કાવતરું કેવી રીતે ઘડાયું હતું અને આજુબાજુ ના પટેલ સમાજ માં લગ્ન ઈચ્છુક લોકો ને સમાજ ની છોકરીઓની સગાઈ કરાવવા માટે મધ્યસ્થી બનવાનું કામ કરી રહ્યા હતા અને એવાજ કામ માં મૃતક શંકરભાઈ ઉકાભાઈ પટેલ પાસેથી તેના પુત્રની સગાઈ કરાવવા માટે બે લાખ રૂપિયા લીધા હતા અને સગાઈ ન થતા મૃતક શંકરભાઈ ઉકાભાઈ પટેલ તેની પાસે પૈસા પરત માંગતો હતો અને એ પૈસા ન આપવા પડે તેમાટે તેને મૃતક શંકરભાઈને રાત્રે માલોતરા ગામની સીમમાં બોલાવી તેની સાથે બેઠક કરી હતી અને તે બાદ બાજુમાં રહેતા જેમતાજી દરજી ને ત્યાં જઈ કહેલું કે મારી ગાડી નદી માંફસાઈ છે અને મને કુતરા હેરાન કરે છે તે માટે કુહાડી આપોને તેમ કહી મૃતક ની હત્યા કરવા માટે હથિયાર એવી ત્યાંથી કુહાડી લાવી કુહાડી વડે શંકરભાઈ ની ક્રુરતાપૂર્વક હત્યા કરી હતી, આરોપી એવા તલશાભાઈ પટેલ દ્વારા તે બાદ મર્ડર કરી લાશ ને બાજુમાં મૂકી આ લાશ ઓલ્ખાય નહિ તે માટે તેને સળગાવી દેવા કારસો રચાયો હતો, અને ગામમાં રહેતા નેમજી મળી ને ત્યાં જઈ મારે ઘરે કોઈ બીમાર છે અને મારી ગાડી માં ડીઝલ નથી અને મને ડીઝલ આપો તેમ કહી ત્યાંથી ડીઝલ લાવી લાશ ઉપર ડીઝલ છાંટી લાશ ને સળગાવી દીધી હતી, અને આમ, માત્ર બે લાખ જેવી રકમ પરત ન આપવી પડે તે માટે મૃતક શંકરભાઈ ઉકાભાઈ પટેલ ને કાવતરું કરી બોલાવી,હત્યા, કરી લાશ ને સળગાવી, આજીવન કેદ થાય તે રીત નો જધન્ય અપરાધ કર્યો હતો, જોકે પોલીસે ગણતરી ના દિવસો માં આ હત્યારા ને ઝડપી જેલ હવાલે કરેલ છે.

## મોડાસા કોવાડીયા કેળવણી મંડળના પ્રમુખ તરીકે ગાંધીનગરના મહેન્દ્રભાઈ શાહ નિશ્ચિત

ધનસુરા, તા. ૨૫

મોડાસા એકડા વિશા ખડાયતા કોવાડીયા કેળવણી મંડળના પ્રમુખ તરીકે ગાંધીનગરના શિક્ષણ વિભાગના નવૃિત્ત અધિકારી અને ગાબટના વતની મહેન્દ્રભાઈ મથુરદાસ શાહની પસંદગી થતાં ગાંધીનગરના વૈષ્ણવ પરિવારે શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા છે. મોડાસા એકડા વિશા ખડાયતા કોવાડિયા કેળવણી મંડળમાં આ વખતે મોડાસા ઝોનમાંથી પ્રમુખ પસંદ કરવાના હતા. આ ઝોનના બે ટ્રસ્ટીઓ મનહરભાઈ ભણાવત અને હિંમતનગરના પૂર્વ પ્રમુખ રજનીભાઈ શાહના પ્રયત્નથી પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ શાહની પસંદગી કરતાં આગામી તા. ૬-૭-૨૦૧૪ના રોજ મોડાસા ખાતે મિટીંગમાં વિધિવત જાહેરાત કરવામાં આવનાર છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નગરપાલિકા ધ્વારા વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે આજે તા. ૨૫/૬/૧૪ના વિકાસ કાર્યોની વણથંભી વણઝારમાં નવિન જાહેર માર્ગોના ખાત મુર્હત કરાયા હતા. પાલનપુર નગરપાલિકાના નવયુવાન ઉત્સાહી પ્રમુખશ્રી હસમુખ એમ પઢિયાર તેમજ અશોકભાઈ ઠાકોર બાંધકામ ચેરમેન ની ટીમવર્ક થકી વિકાસના કામો કરી રહયા છે ત્યારે આજે તા.૨૫/૬/૧૪ના રોજ અંદાજીત રૂા. ૩૬.૦૦ લાખના ખર્ચ બે રોડના ખાત મુર્હત કરવામાં આવ્યા.

# ધનસુરા તાલુકાના ૮૦ ટકા ખેડૂતો જમીન સિંચાઈના લાભથી વંચિત

ધનસુરા, તા. ૨૫

અરવલ્લી જિલ્લો સાબરકાંઠાથી અલગ થઈને નિર્માણ પામ્યો પરંતુ હજુ પણ તેને માઝુમ કે વાત્રક ડેમની સિંચાઈનો લાભ પ્રાપ્ત થયો નથી. હાલના તબક્કે મેઘરજ તાલુકાના એક પણ ગામના ખેડૂતને આ યોજનાઓનો લાભ મળતો નથી.

ધનસુરા જિલ્લાના પણ મોટાભાગના ખેડૂતોની પણ આજ હાલત છે, તાલુકાના લગભગ ૮૦ ટકા ખેડૂતો સિંચાઈના લાભથી વંચિત છે. અત્યારે વરસાદ ખેંચાતા તંત્ર દ્વારા કેનાલોમાં પાણી છોડવામાં આવી રહ્યું છે પરંતુ તેનો લાભ માત્ર કેનાલની નજીકના ખેડૂતોને જ મળી રહ્યો છે અને તેમની ખેતીને જીવનદાન મળ્યું છે, પરંતુ બાકીના ખેડૂતો આકાશ સામે મીટ માંડીને મેઘરાજાના આગમનની રાહ જોઈ રહ્યા છે. અતિશય ગરમી અને બાફના કારણે તાલુકાના જળાશયોના જળસ્ત્રોત ઝડપથી ઘટતા જઈ રહ્યા છે, તળાવો અને કુવાઓ ખાલી થઈ રહ્યા છે ત્યારે આ ખેડૂતો રાજ્યના સિંચાઈ મંત્રી પાસે ખેડા જિલ્લાની જેમ જ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાઓમાં હરિયાળી ક્રાંતિ લાવવા સિંચાઈની યોજનાનો લાભ મળે તે માટે આવશ્યક પગલાં ઝડપથી લેવાય તેવું ઝંખી રહ્યા છે.

# તલોદમાં આડેધડ ચાલતા ગટર કામથી રહીશો ત્રાહિમામ

તલોદ, તા. ૨૫

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ચાલતા ઠેર ઠેર ગટર કામો તમામ પાલિકાઓમાં સુખ સુવિધાથી સંતોષવાના પ્રયાસો આદરી રહ્યા છે. જેમાં તલોદ પાલિકામાં આડેધડ ચાલતા ગટર કોન્ટ્રાકટરની આપખુદીથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

સાબરકાંઠાના તલોદમાં કોન્ટ્રાકટરો દ્વારા આડેધડ ગટર કામો કરવામાં આવી રહ્યા છે. ઠેર ઠેર માર્ગો ઉબડખાબડ રાખી તેમજ અધુરા કામો લાંબા સમય સુધી મુકી રાખી આડોડાઈ કરી રહ્યા હોવાની અનેક ફરિયાદોને લઈ સ્થાનિકોએ કોન્ટ્રાકટરની સામે રોષ વ્યક્ત કર્યો છે. જ્યારે સિમેન્ટ ચિનાઈ પાઈપો, ઢાંકણા તેમજ ઈંટો જેવી અન્ય ચીજો ઓછી ગુણવત્તાવાળી વાપરી તલોદ તેમજ સરકારની આ યોજના પોકળ નિવડવાની નિતી સેવાઈ રહી છે. તેમ છતા આ સમગ્ર મામલે સ્થાનિક વહીવટીતંત્ર આંખ આડા કાન કરી કરી રહ્યું છે. ત્યારે સત્વરે તંત્ર યોગ્ય પગલા લે તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

## મોયદની મહિલાએ શરીર પર કેરોસીન છાંટી મોત વ્હાલુ કર્યું

પ્રાંતિજ, તા.૨૫

તાલુકાન મોયદ ગામે રહેતી મહીલાએ અગમ્ય કારણોસર પોતાના શરીર પર જવલનશિલ પ્રવાહી છાંટી અગ્નિસ્નાન કરી લેતા ગામમાં ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના મોયદ ગામમાં આવલે રૂપાજી મહોલ્લામાં રહેતી મહિલા મીનાબેન પોતાના ઘરમાં એકલા હતા. ત્યારે આ મહિલાએ પોતાના મકાનનાં બારી-બારણા બંધ કરી આ દુનિયાને છોડવાનો નિર્ણય કરી લીધો હતો. મીનાબેને પોતાના ઘરમાં પડેલું કેરોસીન પોતાના શરીર પર છાંટી આગ ચાંપી હતી. આગે ક્ષણવારમાં શરીરને બાળી નાખતા મહિલાનું પોતાના ઘરમાં જ મોત નિપજયું હતું. આ ઘટનાની જાણ બાબુબાઈએ પોલીસને કરતા પ્રાંતિજ પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત નવા બાકલપુર ગામે આવેલ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જે.કે. ભટ્ટ,પી.આઈ. ભરતભાઈ પટેલ, ભાવનાબેન મોદી, તપેન્દ્રભાઈ રાવલ સહિત આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

### ભિલોડા તાલુકા ભાજપ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા

# સાબરકાંઠા જીલ્લા સંસદ સભ્ય દિપસિંહ રાઠોડનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો





ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત કચેરીના હોલમાં ભિલોડા તાલુકા ભાજપ હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા સાબરકાંઠા જીલ્લા સંસદ સભ્ય દિપસિંહ રાઠોડનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ ભરતસિંહજી રહેવર, ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદી, નીલાબેન મડીયા, રાજેશભાઈ નિનામા, લાલસિંહજી ચૌહાણ, રણવીરસિંહ ડાભી, હિતેન્દ્રસિંહ સિસોદીયા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ અમરતલાલ બરંડા, ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી, ભીખાભાઈ ભાટીયા, શંકરલાલ ગુર્જર, પ્રભુદાસભાઈ પટેલ, દામુભાઈ પટેલ, મોહનભાઈ પંચાલ, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીલાલ પટેલ, ઉપ પ્રમુખ કમલેશભાઈ મહેતા, મંત્રી ભવાનભાઈ તરાર, બિપીનભાઈ પટેલ, જીતભાઈ ત્રિવેદી, ચેતનસિંહ કચ્છાવા, સંકેતભાઈ ચૌધરી, કેતનભાઈ પંડ્યા, જેસીંગભાઈ પટેલ, રતીલાલ દરજી, ભાવેશભાઈ ત્રિવેદી સહિત ભિલોડા તાલુકા ભાજપ હોદ્દદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા જીલ્લા ભાજપ સાંસદ દિપસિંહજી રાઠોડને શાલ ઓઢાડી, મોમેન્ટો આપી માનભેર સન્માન ભિલોડા તાલુકા ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો ધ્વારા કરાયું હતું.

## પાલિતાણામાં જૈનમુનિ ભગવંતોના અનશનને પગલે રાજ્યમંત્રીને પાલિતાણા દોડાવ્યા

ગાંધીનગર, તા. ૨૫

જૈનોના તિર્થધામ પાલિતાણામાં ચાલી રહેલા જૈનમુનિઓના અનશન ચાલી રહ્યા છે. આ વિવાદને ઉકેલવા રાજ્ય સરકારે રાજ્યના મીઠા ઉદ્યોગ રાજ્યમંત્રી તારાચંદ છેડાને પાલિતાણા મોકલવામાં આવ્યા છે.

પાલિતાણામાં ચાલતા કતલખાના અને મટનની દુકાનોને નગરપાલિકા વિસ્તારની બહાર ખસેડવાની માગણી સાથે જૈન સમાજના મુની ભગવંતો દ્વારા આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. આ માંગણીને લઈને મુની ભગવંતો ઉપવાસ પર ઉતર્યા છે. ઉપવાસ આંદોલનનો આજે ચોથો દિવસ છે. જૈનમુનિઓની માંગણીઓને લઈ મુનીઓને પારણા કરાવવા અને ઉપવાસ છોડવા માટેની વિનંતી કરવા માટે રાજ્ય સરકારે તમના દૂત તરીકે રાજ્યમંત્રી તારાચંદ છેડા અને સાંસદ મનસુખ માંડવીયાને પાલિતાણા મોકલવામાં આવ્યા છે. રાજ્યમંત્રી તારાચંદ છેડા મુની ભગવંતો અને જૈન સમાજના આગેવાનોને મળી તેમની માંગણીઓ ઉકેલવા માટે સરકાર વતી ખાતરી આપી અને ઉપવાસ છોડવા માટે મુની ભગવંતોને વિનંતી કરનાર હોવાનું જાણવા મળે છે.

# સેટેલાઈટ ધનંજય ટાવરમાં એક સાથે ૪૩ દુકાનને સીલ

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ઘણા સમયથી જાહેર રસ્તા પર અડચણરૂપ બનતા પાર્કીંગ ધરાવતા કોમ્પલેક્ષ અને દુકાનો સામે સઘન ઝુંબેશ ચાલુ કરી છે. જેમાં રસ્તા પર ટ્રાફીકને નડતરરૂપ થાય તેવા કોમ્પલેક્ષને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટીસ આપવામાં આવે છે. જો કોઈ દુકાનો કે કોમ્પલેક્ષ દ્વારા નોટીસનું ઉલ્લંઘન કરીને રસ્તા પર જ પાર્કીંગ કરવામાં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેને સીલ મારવામાં આવી રહ્યા છે. જેમાં બુધવારના રોજ કોર્પોરેશનની એસ્ટેટ શાખાએ શ્યામલ પાસે આવેલ ધનંજય ટાવરની ૪૩ દુકાનોને સીલ લગાવી દીધું હતું.

# બોરડીટીબા કંપામાં સવા લાખથી વધુની ઘરફોડ ચોરી

વડાગામ, તા.૨૫

વડાગામ નજીકના બોરડી ટીંબા કંપા ખાતે ગત રોજ રાત્રે રહેણાંક મકાનને કેટલાક તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. અને ઘરમાં રહેલ અંદાજે સવા લાખથી વધુનો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ધનસુરા નજીક વડાગામ સ્થિત બોરટી ટીંબા કંપા ખાતે ડાહ્યાભાઈ ખેતાભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાન ગત રોજ ૧૧ વાગ્યાના સમયગાળા બાદ કેટલાક તસ્કરો ઘરનો પાછળનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને સમગ્ર ઘરમાં વેરવિખેર કરી તિજોરીનુ તાળું તોડી અંદર રહેલ સોના ચાંદીના દાગીના અને રૂ. ૮૦,૦૦૦ની રોકડ રકમ મળી કુલ ૧,૧૭,૭૦૭નો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. આ ચોરી



અંગે સવારે મકાન માલિકને જાણ થતા તુરંત ધનસુરા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ચોરી અંગે ફરિયાદ અમરતભાઈ પટેલની ફરિયાદના આધારે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.



વિધિવત રીતે ચોમાસુ બેસી ગયું હોવા છતાં ગરમી ઓછી થવાનું નામ લેતી નથી. ગરમીથી પશુ પંખીઓ અને મનુષ્ય પણ શેકાઈ રહ્યો છે ત્યારે ગરમીથી બચવા ભૂલકાઓ પાણી સાથે રમત કરી ઠંડક મેળવી રહ્યા છે.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન